# અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ભૂકંપના આંચકા

## બુધવારે રાત્રીના ૯:૩૦ વાગ્યાના સુમારે ૧૦ સેકેંડ જેટલો સમય ધરા ધ્રુજતા લોકો ઘરની બહાર દોડ્યા

મોડાસા, તા.૬

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં બુધવારે રાત્રીના ૯:૩૦ વાગ્યાના સુમારે ૧૦ સેકેંડ જેટલો સમય ધરા ધ્રુજતા ભૂકંપના આંચકાથી ઘરમાં રહેલા અને ધાબે નીંદર માનવ પહોંચેલા પ્રજાજનો કંપન અનુભવતા ઘરની બહાર દોડી આવ્યા હતા અચાનક ધ્રુજેલી ધરાથી પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો હતો સાબરકાંઠાના હિંમતનગર શહેર અને અરવલ્લી જીલ્લાના મોડાસા શહેર અને મેઢાસણ પંથકમાં ભૂકંપની તીવ્રતા વધુ હોવાથી લોકોમાં ભય ફેલાયો હતો

બુધવારે રાત્રીના ૯:૩૦ વાગ્યાના સુમારે અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના કેટલાક વિસ્તારોમાં ભૂકંપનો અચકો અનુભવવાની સાથે ૧૦ સેકન્ડ સમય જેટલા સમય સુધી ધરા ધ્રુજી ઉઠતા લોકો ભયના માર્યા ઘર બહાર દોડી આવ્યા હતા.આ ધડાકાથી ઘરના વાસણો ખખડી ઉઠયા હતા ભૂકંપના કંપનથી ફફડી ઉઠેલા લોકો ઘરની બહાર મોડી રાત્રી સુધી ટોળેટોળા વળી બેસી રહ્યા હતા લોકોએ ઘરમાં જવાનું પણ ટાળ્યું હતું મોડાસા તાલુકાના મેઢાસણ ગામના લોકોના જણાવ્યા અનુસાર ઘરમાં રહેલા પલંગ,ખુરસી, પંખા અને વાસણો ખખડતા લોકો બહાર જીવ બચાવવા દોડી આવ્યા હતા





પ્રાપ્ત માહિતી અનુસાર ઉત્તરગુજરાતમાં કેટલાક વિસ્તારોમાં ૪.૫ તીવ્રતાના ભૂકંપ નોંધાયો હતો બનાસકાંઠા જિલ્લા સહિત ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ૧૦ સેકન્ડ સુધી આવેલા ભૂંકપના કારણે લોકોમાં ગભરાટ ફેલાય ગયો હતો. ગભરાયેલા લોકો ઘરની બહાર દોડી ગયા હતા. માહિતી પ્રમાણે ભૂકંપના આંચકાની તિવ્રતા ૪.૫ની આસપાસ છે. પાલનપુર, ડીસા, અંબાજી સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં અને રાજસ્થાનના માઉન્ટ આબુ વિસ્તારમાં પણ ભૂકંપ ના આંચકાનો અનુભવ પ્રજાજનોને થયો હતો.

## ફોર્ડ ઈકો સ્પોર્ટના સ્પેર વ્હિલમાં દારૂ સંતાડવાનો કીમિયો નિષ્ફળ બનાવતી શામળાજી પોલીસ





મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર જીલ્લાની આંતરરાજ્ય સરહદો પર સઘન ચેકીંગ હાથધરાતા બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા અધીરા બન્યા છે બુટલેગરો પોલીસની આંખમાં ધૂળ નાખવા નિતનવા નુસખા અપનાવી રહ્યા છે શામળાજી પોલીસે અણસોલ ગામ નજીકથી ફોર્ડ ઈકોસ્પોર્ટ ના સ્પેર વ્હિલ માં અને પાછળની સીટમાં ગુપ્ત ખાના બનાવી સંતાડીને ઘુસાડાતો વિદેશી દારૂનો રૂ. ૪૩૨૦૦/- નો જથ્થો જપ્ત કરી કાર ચાલકને દબોચી લઈ વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર અમદાવાદના આબાંવાડી વિસ્તારના વિશાલ નામના બુટલેગર અને કારમાં વિદેશી દારૂ ભરી આપનાર રાજસ્થાનના બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક થી રાજસ્થાન તરફથી આવતી ફોર્ડ ઈકોસ્પોર્ટ (ગાડી.નં- GJ 01 RE 6049) ને અટકાવી તલાસી લેતા કારના પાછળના ભાગે લગાવેલ સ્પેર વ્હિલ માં વ્હિલ કાઢી નાખી તેમાં વિદેશી દારૂની બોટલો સંતાડી હોવાનું પીએસઆઈ કેતન વ્યાસ ને ધ્યાને આવતા સ્પેર વ્હિલ ખોલતા વિદેશી દારૂની બોટલનો જથ્થો મળતા કારમાં વધુ તપાસ હાથધરાતા પાછળની સીટમાં ગુપ્ત ખાનામાં સંતાડેલ વિદેશી દારૂની બોટલ નંગ-૧૪૪ કીં.રૂ.૪૩૨૦૦/- નો જથ્થો જપ્ત કરી દિલીપભાઈ હાંજાભાઈ મીણા (રહે,ઉપલા ફળા બડલા,ખેરવાડા,રાજસ્થાન) ની ધરપકડ કરી મોબાઈલ નંગ- ૧૦૦૦/- તથા કારની કીં.રૂ.૪૦૦૦૦૦/- મળી કુલ રૂ.૪૪૪૨૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂ મંગાવનાર અમદાવાદના આબાંવાડી વિસ્તારના વિશાલ નામના બુટલેગર તથા રાજસ્થાનના ઉપલા ફળા બડલા,ખેરવાડા ના સુમિત નામના બુટલેગર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બંને આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## પાલનપુર, વડગામ, અમીરગઢમાં અનુભવાયો ધરતીકંપનો આંચકો

વડગામ, તા. ૬

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, વડગામ, અમીરગઢ પંથકમાં રાત્રિ ના સમયે અચાનક ભૂકંપનો આંચકો અનુભવાતાં લોકો માં નાસભાગ મચી ગઈ હતી પાલનપુર, વડગામ, અમીરગઢ પંથકમાં બુધવાર ની રાત્રી ના સમયે ૧૦:૩૦ વાગ્યા ની આસપાસ ભારે અવાજ સાથે ભૂકંપનો આંચકો આવવા પામ્યો હતો ધરતીકંપ થયાનો લોકોને અહેસાસ થતાં જ ઘરની અંદર બેઠેલા લોકો બહાર દોડી આવ્યા હતા અને ભારે ગભરાટ અનુભવ્યો હતો બનાસકાંઠામાં ૪.૫ ની તીવ્રતાનો ભૂકંપ નો ઝટકો આવતાં લોકો માં થોડીવાર માટે નાસભાગ મચી ગઈ હતી અને લોકોને ૨૦૦૧ માં થયેલા ધરતી કંપની યાદ તાજી થઈ હતી.

## બનાસ ડેરીએ દૂધ ઉત્પાદકોને કિલો ફેટે રૂ. ૨૫ નો ભાવ વધાર્યો

પાલનપુર, તા. ૬

પશુપાલકોના હિતને સૌથી વધુ મહત્વ આપતી બનાસ ડેરીએ વખતો વખત બજારની સ્થિતિને ધ્યાને લઈને દૂધના ભાવોની સમિક્ષા કરી છે. આ જ પ્રક્રિયાના ભાગરૂપે આજે બનાસ ડેરીના વહીવટીતંત્રએ વધુ રૂ. ૨૫ ના ભાવવધારાની જાહેરાત કરતાં પશુપાલકો આનંદની લાગણી અનુભવી રહ્યાં છે. આમ રૂ. ૬૩૦નો ભાવ વધીને રૂ. ૬૫૫ થશે.

વધુમાં જિલ્લામાં દાણની વધતી માંગને પહોંચી વળવા રાજ્યના અન્ય દૂધ સંઘો પાસેથી પ્રતિ માસ અંદાજિત ૧૫,૦૦૦ મેટ્રિક ટન દાણ પણ ખરીદવાની ફરજ પડે છે. દાણના કાચામાલના જથ્થામાં ભાવવધારો અને અન્ય ડેરીઓએ દાણના વધારેલ ભાવના કારણે રૂ. ૧૪૫૫ માં ખરીદેલું દાણ રૂ.૧૨૭૫માં પશુપાલકોને વેચવાના કારણે પ્રત્યેક બેગ પર બનાસ ડેરીને અંદાજીત રૂ. ૧૮૦નું નુકશાન થઈ રહ્યું હોવા છતાં પણ દાણમાં ૭૫ કીલોની બેગ પર રૂ. ૭૫નો જ ભાવવધારો કર્યો છે. બાકીનું બોરીદીઠ નુકશાન બનાસ ડેરી ભોગવશે તેવું જણાવ્યું હતુ.

## ધાનેરામાં પર્યાવરણ દિન નિમિત્તે ફોટા પડાવી કાર્યક્રમ કરી સ્ટંટનું આયોજન કરાયું

ધાનેરા, તા. ૬

વિશ્વમાં પર્યાવરણની સમસ્યા એક ગંભીર અને મોટી સમસ્યા છે વિશ્વમાં અને ભારતમાં વધુને વધુ વૃક્ષો કપાઈ રહ્યા છે જેના કારણે પ્રદૂષણ પણ વધી રહ્યું છે અને લોકોના જનજીવન તેમજ વાતાવરણમાં પણ ગંભીર અસરો જોવા મળી રહી છે ભવિષ્યમાં પણ વધુને વધુ આવી જ રીતે વૃક્ષો કપાતા રહેશે તો શ્વાસ લેવામાં પણ ગંભીર તકલીફો ઉભી તેવી શક્યતાઓ જણાઈ રહી છે.

પરંતુ આજે પાંચમી જૂન પર્યાવરણ દિન નિમિત્તે ઉજવાય છે અને આ પ્રસંગે અધિકારીઓ અને અમલદારો આ પર્યાવરણના દિવસે સ્ટન્ટ કરી ફોટા પડાવી હાથમાં ઝાડું બતાવી અને સરકારી કાર્યક્રમ સફળ બનાવવાનું આયોજન બતાવી દે છે પરંતુ હકીકતમાં આ એક ફોર્મ્યુલા કરવામાં આવે છે સફાઈ કરતો ફોટો પડાવવો એ એક ફોર્મ્યુલા છે હકીકત ગંદકીના થર જામેલા જોવા મળી રહ્યા છે માટે પર્યાવરણ બચાવવું



હોય તો પ્રથમ વૃક્ષો કપાઈ રહ્યા છે અને રોજ રોજ રાત્રીના સમયે પચાસ ટ્રેક્ટર ભરીને કપાયેલાં વૃક્ષોની હેરાફેરી થઈ રહી છે જો જાગૃત અમલદારો પોતાની સત્તામાં આવતું હોવા છતાં પણ આંખ આડા કાન કરતા હોય છે તો પછી આવા દિવસે વૃક્ષારોપણ કે કચરો કાઢતાં ફોટા પડાવી પોતાનું સરકારના કાગળોમાં રિપોર્ટ બતાવતા જોવા મળી રહ્યા છે હકીકત માં કપાતા વૃક્ષો જો અટકાવવામાં આવે અને સો મીલો વાળાની જો દંડ સજા કરવામાં આવે તો ત્યાંથી જ પણ વૃક્ષો કપાતા અટકાવી શકાય છે પરંતુ આવું કોઈ પણ કાર્ય અધિકારીઓ મામલતદાર રજુઆતો ને ધ્યાનમાં લેતાં નથી પરંતુ આવા દિવસે ફોટા પડાવી અને એક કાર્યક્રમ ને સફળ બનાવવો સરકારી પત્ર ઉપર મૂકી દેતા હોય છે આમ આજે પાંચમી જૂને પણ ધાનેરામાં અધિકારીઓ દ્વારા ફોટો પડાવીને કાર્યક્રમની ફોર્મ્યુલા નું સ્ટંટ આયોજન કરવામાં આવ્યું હતું તેવું જોવા મળી રહ્યું હતું વૃક્ષો રોજેરોજ કપાઈ રહ્યા છે તે બાબતે મામલતદાર ને રજૂઆતો કરેલ છે છતાં પણ મામલતદારે કોઈ પણ વાતને ધ્યાનમાં લેતા નથી તો પછી આવા દેખાવો કરી ફોટો પડાવો એક ફોર્મ્યુલા સ્ટાર્ટ ન કહેવાય તો શું કહેવાય?

## ચિબોડા ગામનું અને રાજપુત સમાજનું ગૌરવ વધાર્યું

ભિલોડા,તા.૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ચિબોડા ગામનું અને રાજપુત સમાજનું ગૌરવ વિદ્યાર્થીએ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે.શ્રી આદર્શ એજ્યુકેશન ટ્રસ્ટ, ચિબોડા-ખુમાપુર સંચાલિત શ્રીમતિ બી.જે.તન્ના ગ્રૃપ વિદ્યાલયમાં ધોરણ.૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી યુવરાજસિંહ રાજેન્દ્રસિંહ



ચંપાવતએ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ૭૫.૩૩ % મેળવી ચિબોડા ગામનું અને રાજપુત સમાજનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે.

તેજસ્વી વિદ્યાર્થીને શ્રી આદર્શ એજ્યુકેશન ટ્રસ્ટ, પ્રમુખ, મંત્રી, કારોબારી સભ્યો, આચાર્ય એન. ડી. પટેલ, સ્ટાફગણે, રાજપુત સમાજના આગેવાનોએ વિદ્યાર્થીને બિરદાવ્યો હતા.

### પાલનપુર નગરપાલિકા પાસે

## પાંચ ઉપરાંતના ટ્રેક્ટરો હોવા છતા દબાણની કામગીરી માટે કોન્ટ્રાક્ટથી ટ્રેક્ટર લવાયુ



પાલનપુર

પાલનપુર શહેરમાં દબાણની કામગીરી માટે પાલિકા દ્વારા કોટ્રાક્ટ થી એક ટેકટર તેમજ પાંચ મજુરોને રાખવામાં આવ્યા છે.જયારે પાલિકા પાસે પાંચ ઉપરાંતના ટેકટરો હોવા છતા કોટ્રાક્ટથી ટેક્ટર લાવવામાં આવતા લોકોમાં ચર્ચાનો વિષય બન્યુ છે.

પાલનપુર શહેરમાં ટ્રાફીકની સમસ્ય પેચીદી છે.જેના કારણે પાલિકા દ્વારા શહેરમાં અવાર-નવાર દબાણદારો સામે કાયદેસરની કાર્યાવાહી કરવામાં આવે છે.જેમાં છેલ્લા કેટલાક સમયથી પાલનપુર પાલિકા દ્વારા દબાણો દરકરવા માટે કોટ્રાક ઉપર એક ટ્રેકટર અને પાંચ મજુરો રાખવામાં આવ્યા છે.પાલિકા પાસે પાંચ ઉપરાંતના ટેક્ટરો તેમજ મજુરો હોવા છતા કોટ્રાક્ટથી કામગીરી કરાવામાં આવતા લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.આ અંગે પાલિકાના સુત્રએ જણાવ્યુ હતુ કે દબાણની કામગીર માટે જરૂર હોય ત્યારે આરએન્ડબીમાંથી ટેક્ટર મળતુ ન હોવાથી કોટ્રાક્ટથી ટેક્ટર અને મજુર રાખવામાં આવ્યા છે.

## પાલનપુરના હાથીદ્રા નજીક બાઈક અને બસ વચ્ચે અકસ્માત

### એક વ્યક્તિનું મોત : બેને ઈજા : લગ્નની ખરીદી કરી પોતાના ઘરે જતા નડ્યો અકસ્માત

પાલનપુર

પાલનપુર તાલુકાના હાથીદ્રા ગામ નજીક ગુરૂવાર બાઈક અને બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો.જેમાં બાઈક ઉપર સવાર એક વ્યક્તિનું મોત નિપજ્યું હતુ. તેમજ બે મહીલાઓને ઈજાઓ થતા પાનલપુરની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.


બનાસકાંઠામાં અકસ્માતોનું પ્રમાણ દિન પ્રતિ દીન વધી રહ્યુ છુ.જેમાં ચાલકોની સામાન્ય બે દરકારીના કારણે કેટલાક લોકોને પોતાનો જીવ ગુમાવવાનો વારો આવતો હતો છે.તેવો બનાવ પાલનપુર તાલુકના હાથીદ્રા ગામ નજીક જાવા મળ્યો હતો.જેમાં હાથીદ્રા ગામે રહેતા એક પરીવારના ઘરે લગ્નનો પ્રસંગ હોવાથી બાઈક ઉપર પાલનપુર ખરીદી કરવા માટે આવ્યા હતા.તે સમયે હાથીદ્રા ગામ નજીક બાઈક અને બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો.જેથી લોકોના ટોળે-ટોળા એકત્ર થઈ ગયા હતા.અને ૧૦૮જાણ કરવામાં આવી હતી.જેથી સ્ટાફના ઈએમટી



બાઈક ઉપર સવાર બાવનસિંહ દેવુસિંહ ડાભી રહે. હાથીદ્રાનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતુ. તેમજ મધુબા દેવુસિંહ ડાભી રહે. હાથીદ્રા અને કંકુબા સારદુસિંહ ડાભી રહે.હાથીદ્રાને ઈજાઓ થઈ હતી.જેના પગલે ઘટના સ્થળે ભાવિન લોઢા અને પાયલોટ મહેન્દ્રભાઈ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.અને ઈજાગ્રસ્તોને પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.અકસ્માતમાં યુવકના મોતથી પરીવારમાં શોક છવાયો હતો.

### શામળાજી નજીક મેશ્વો નદી પર ખારીથી ખેરંચા રોડ પર બનાવેલ

## ડીપ ૬ મહિનામાં તૂટી જતાં ગ્રામજનોએ રામધૂન બોલાવી



શામળાજી, તા. ૬

અરવલ્લી જીલ્લામાં થતા રોડ,પુલ, ડીપ અને ચેકડેમ સહીત વિકાસના કામોમાં ભારે ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાની અનેક બૂમો ઉઠી છે સ્થાનિક રાજકારિણીઓ અને અધિકારીઓની મીલીભગત થી વિકાસના કામોના પૈસા ખિસ્સામાં મૂકી દેતા હોવાથી વિકાસ રૂંધાયો છે શામળાજી નજીક ખારી ગામથી ખેરંચા જવાના માર્ગ પર આવેલ મેશ્વો નદી પર લાખ્ખો ખર્ચે બાનાવેલ ડીપ ૬ મહિનાના ટૂંકા ગાળામાં તૂટી પડતા ખારી સહીત આજુબાજુના ગ્રામજનોએ રામધૂન બોલાવી તૂટી ગયેલ ડીપ નું સમારકામ કરવાની માંગ કરી હતી

શામળાજી નજીક આવેલા ખારી થી ખેરંચા ગામ ને જોડાતો ડીપ મેશ્વો નદી પર બનાવવામાં આવ્યો હતો આ ડીપ ખારી, ખેરંચા, નાપડા, વજાપુર, ખોડંબા, મેરાવાડા, ખેરાડી સહીત ૧૫ જેટલા ગ્રામજનો માટે જીવાદોરી સમાન છે ૬ મહિના અગાઉ આ ડીપના નિર્માણ સમયે ખારી ગામના જાગૃત નાગરિકોએ ડીપ ના કામકાજમાં હલકી કક્ષાનું અને ગુણવત્તા વગરનું હોવાની કોન્ટ્રાકટર અને જવાબદાર તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓને અનેક વાર રજુઆત કરવા છતાં ભ્રષ્ટાચારમાં મદ-મસ્ત બનેલ કોન્ટ્રાકટર અને અધિકારીઓએ ગ્રામજનોની રજુઆત ધ્યાને ન લીધી હોવાનો આક્ષેપ ગામલોકોએ કર્યો હતો ખારી-ખેરંચા ડીપ બાનાવેલ રોડ પ્રજાજનો માટે ખુબજ ઉપયોગી બની રહ્યો હતો મેશ્વો નદી પર ડીપનું નિર્માણ થતા આજુબાજુના ગ્રામજનોના બાળકોના અભ્યાસ માટે અવર-જવર માટે પણ મહત્વરૂપ બની રહ્યો છે.

મેશ્વો નદી પર બાનાવેલ ખારી-ખેરંચા રોડ પર બાનાવેલ ડીપ ૬ મહિનાના ટૂંકા ગાળામાં તૂટી જતા આજુબાજુના ગ્રામજનોએ વારંવાર જવાબદાર તંત્રમાં રજુઆત કરી હોવા છતાં અધિકારીઓએ ધ્યાને ન લેતા અને ચોમાસુ દસ્તક દઈ રહ્યું છે અને માર્ગ બંધ થઈ જવાની નોબત પેદા થતા ગ્રામજનોએ ખારી-ખેરંચા ડીપ પર મોટી સંખ્યામાં પહોંચી રામધૂન બોલાવી ભ્ર્ષ્ટાચારી અને ઘોર નિંદ્રાધીન તંત્રને જગાડવાનો પ્રયત્ન કર્યો હતો અને સમારકામ નહિ થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે રસ્તા રોકો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

## પાલનપુરમાં તસ્કરોનો તરખાટ : રૂ.૨.૫૨ લાખની ચોરી





### બંધ મકાનમાંથી સોના- ચાંદીના દાગીના મળી કુલ રૂ.૨.૫૨ લાખની ચોરી

પાલનપુર, તા. ૬

પાલનપુરમાં શિવનગરમાં એક બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા. અને મકાનમાં પડેલ સોના- ચાંદીના દાગીના મળી કુલ રૂ.૨.૫૨ લાખની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.આ અંગેની જાણ મકાન માલિકને થતા મકાન માલિકે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપીઓને ઝડપી લેવા ચક્રોગતીમાન કર્યા છે. બનાસકાંઠામાં ચોરી, લૂંટ, ચીલ ઝડપના બનાવો ચિંતા જનક હદે વધી રહ્યા છે. અગાઉ થયેલી ચોરીના આરોપીઓ હજુ પકડાયા નથી ત્યાં પાલનપુર શિવપાર્કમાં રહેતા પિયુશભાઈ મોદી બહાર ગયા હતા.તે સમયે તેકના બંધ મકાનમાં તસ્કોર ત્રાટક્યા હતા.અને મકાનના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેસ કરી મકાનમાં પડેલ સોના-ચાંદીના દાગીના સહીત રોકડ રકમ મળી કુલ રૂ.૨.૫૨ લાખની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.આ ઘટનાની જાણ આજુ-બાજુના રહીશોને થતા રહીશો દ્વારા મકાન માલિકને જાણ કરવામાં આવી હતી.જેથી મકાન માલિક પોતાના ઘરે પરત દોડી આવ્યા હતા.અને પાલનપુર પૂર્વ પોલીસ મથકે ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે ડોગ સ્કોડ અને એફએસએલની મદદથી આરોપીને ઝડપી લેવા ચક્રોગતીમાન કર્યા છે.